ૐ

બાલ-પ્રાર્થના.

પાટીદારયુવકમંડળ-સુરત.

આ સાર્વત્રિક ભાવનાવાળી બાલ-પ્રાર્થના· ઓનો નાનકડો સંગ્રહ ખાસ કરીને વિદ્યાર્થીઓ માટે કરવામાં આવ્યો છે પાછળ અઘરા શબ્દોનો કોષ આપવામાં આવ્યો છે તે પ્રાર્થના સમજવામાં મદદ રૂપ થઇ પડશે મારા બોર્ડિંગ હાઉસમા સવાર સાંજ કરાતી પ્રાર્થના ઉપ રથી આ સંગ્રહની પ્રેરણા થઇ છે યુવક મંડળ પાટીદાર બોર્ડિંગ હાઉસના વિદ્યાર્થીઓ અને મંડલના સભ્યોમાં આની ૨૦૦ કોપી વિના મૂલ્યે વહેચવાની છે મંડલના સભાસદ બંધુઓ તેનો કુટુંબ-પ્રાર્થના તરીકે ઉપયોગ કરે એવી ભાવના છે બીજાઓ પણ આનો સદુપયોગ સહેલાઇથી કરી શકે માટે કિ. ૬ પાઇ જેવી નજીવીજ રાખી છે કોઇ સદ્‌ગૃહસ્થને વિ- દ્યાર્થીઓમા કે કુટુંબોમા વહેચાવવાની રૂડી ભાવના હશે તો તેમને ૧ રૂા ની ૪૦ લખે આપવામા આવશે

પાટીદાર યુવક મંડળ ગ્રંથમાળા, મણકો ચોથો

બાલ-પ્રાર્થના.

મંડળની આજ્ઞાથી
સંગ્રહ કરી પ્રસિદ્ધ કરનાર,
કલ્યાણભાઈ વિઠ્ઠલભાઈ
ઓન સુપ્રિન્ટેન્ડન્ટ પાટીદાર બોર્ડિંગ હાઉસ

સુરત

આવૃત્તિ પહેલી   પ્રત, ૧૦૦૦

ઈ. સ ૧૯૧૪

મૂલ્ય છ પાઈ.

પ્રભુનાં

વ્હાલાં બાળકોને

સપ્રેમ સમર્પણ.

અનુક્રમણિકા.

શુદ્ધિપત્ર.

પહેલા પાનામા ૭મી લીટીમા કર્તા શ્રા જૈની પછી નીચેનુ ઉમેરીને વાચવુ

જૈન ધર્માઓ 'અર્હન્'

ॐ

બાલ-પ્રાર્થના.

૧

यं शैवास्समुपासते शिव इति ब्रह्मेति वेदान्तिनो
बौद्धा बुद्ध इति प्रमाणपटव. कर्तेति नैयायिका. ।
अर्हन्नित्यथ जैनशासनरता कर्मेति मीमांसका·
सोऽयं नो विदधातु वाञ्छित फलं त्रैलोक्यनाथो हरि ॥

જેને શિવના ઉપાસકો 'શિવ,' વેદાન્તીઓ 'બ્રહ્મ', બૌદ્ધો 'બુદ્ધ', પ્રમાણકુશળ નૈયાયિકો 'કર્તા' અને મીમાંસકો 'કર્મ' એવા નામથી ઉપાસે છે, તે ત્રણ લોકના નાથ શ્રી હરિ અમને વાંછિત ફળ આપો.

૨

*(ભુજંગી)

અહો નાથ ! ઉભા અમે હાથ જોડી,
કરો રંક સ્હામે કૃપા દૃષ્ટિ થોડી;
સદા તાપ ને પાપથી તો ઉગારો,
અમે માગીએ ઈશ એ પ્રેમ તારો, ૧
ઉગ્યો સૂર્ય તો પૂર્વમાં પૂર તેજે.
ગઇ રાત વીતી જુઓ વાત સ્હેજે,
પ્રભો ! તું વિના કોણ સંભાળનારો,
અમે માગીએ ઈશ એ પ્રેમ તારો ! ૨
પશુ પક્ષીને પ્રાણિઓ કામ લાગ્યાં.
પડી એમ ઉદ્યોગમાં સુખ માગ્યાં;
અમારી પ્રભો ! બુદ્ધિ વિદ્યા વધારો,
અમે માગીએ ઈશ એ પ્રેમ તારો ! ૩
કંડા દુ:ખ કાપી રૂડાં સુખ આપો,
અમારા શિરે નાથજી હાથ થાપો !

સવારની સ્તુતિ.

સુખે જાય આ આજનો દિન સારો,
અમે માગીએ ઈશ એ પ્રેમ તારો! ૪

૩

× શિખરિણી.

પ્રભો અંતર્યામી, જીવન જીવના દીનશરણા,
પિતા માતા બંધુ, અનુપમ સખા હિતકરણા;
પ્રભા કીર્તિ કાંતિ, ધન વિભવ સર્વસ્વ જનના,
નમું છું વંદું છું, વિમલમુખ સ્વામી જગતના.
સહુ અદ્ભુતોમાં, તુજ સ્વરૂપ અદ્ભુત નીરખું,
મહાજ્યોતિ જેવું, નયન શશી ને સૂર્ય સરખું,
દિશાની ગુફાઓ, પૃથિવી ઊંડું આકાશ ભરતો,
પ્રભો તે સાથીએ, પર પરમ તું દૂર ઊડતો.
પ્રભો તું આદિ છે, શુચિ પુરુષ પુરાણ તુંજ છે,
તું સૃષ્ટિ ધારે છે, સૃજન પ્રલયે નાથ તુંજ છે;
અમારા ધર્મોનો, અહરનિશ ગોપાલ તુંજ છે,
અપાપી પાપીનું, શિવસદન કલ્યાણ તુંજ છે.

× સુરત પાટીદાર યુવક મંડળ બૉર્ડિંગ હાઉસની સાંજની સ્તુતિ.

પિતા છે એકાકી, જડ સકળ ને ચેતનતણો,
ગુરુ છે મોટો છે, જનકુલ તણો પૂજ્ય તું ધણો;
ત્રણે લોકે દેવા, નથી તુજ સમો અન્ય ન થશે,
વિભુરાયા તુંથી, અધિક પછી તો કોણુજ હશે. ?

વસે બ્રહ્માંડોમાં, અમ ઉર વિષે વાસ વસતો;
તું આઘેમાં આઘે, પણુ સમીપમાં નિત્ય હસતો,
નમું આત્મા ઢાળી, નમન લળતી દેહ નમજો,
નમું કોટીવારે, વળી પ્રભુ નમસ્કાર જ હજો.

અસત્યો માંહીથી, પ્રભુ પરમ સત્યે તું લઇ જા,
ઉંડા અંધારેથી, પ્રભુ પરમ તેજે તું લઇ જા;
મહા મૃત્યુમાંથી, અમૃત સમીપે નાથ લઈ જા,
તું હીણો હું છુ તો, તુજ દરશનાં દાન દઇ જા.

પિતા પેલો આઘે, જગત વીંટતો સાગર રહે,
અને વેગે પાણી, સકળ નદીનાં તે ગમ વહે,
વહો એવી નિત્યે, મુજ જીવનની સર્વ ઝરણી,
દયાના પુણ્યોના, તુજ પ્રભુ મહાસાગર ભણી.

થતું જે કાયાથી, ઘડીક ઘડી વાણીથી ઉચ્ચરૂં,
કૃતિ ઇંદ્રિયોની, મુજ મન વિષે ભાવજ સ્મરૂં;
સ્વભાવે બુદ્ધિથી, શુભ અશુભ જે કાંઇક કરૂં,
ક્ષમા દષ્ટે જો જો, તુજ ચરણમાં નાથજી ધરૂં

નાનાલાલ.

૪

* પ્રભાતીઉં.

અખિલ બ્રહ્માંડના નાથને નિત્ય હું,
પ્રેમ-ભકિત થકી પાય લાગું;
દુર્મતિ ટાળી સન્મતિ સદા આપશો,
એજ વરદાન ભગવાન માગું
નિંદ્ય નિષ્ઠુર કીધા કૃત્ય મેં અતિ ઘણા,
નાથ કરવા ક્ષમા હાથ તારે;
દીનવત્સલ દયા-નિધિ નિજ દાસના,
વિપતિ ભય સંકટો તું નિવારે;
શરણ છું ચરણ પ્રતિ પ્રણમી પ્રણિપત કરૂં,
સ્મરણ હૃદયે ધરૂં નિત્ય તારૂં,

૬

વિનતિ ચિત્ત ધરો પાપ પ્રભુ પરહરો,
પ્રેમથી સાંભળો સ્તવન મારૂં.

સત્ય સચ્ચિદ્ઘના સાક્ષી સર્વોત્તમા,
સર્વદા ક્ષેમ કલ્યાણદાતા;
પરમ કરણા થકી, પ્રાણી માત્રો તણા
ચિત્તને દ્યો, તમે શાન્તિ શાતા:

અલ્પમતિ છું પ્રભુ સ્તવન તે શું કરૂં,
નમ્ર ભાવે તને નિત્ય વંદું;
નીતિ સન્માર્ગમાં બુદ્ધિ પ્રેરી સદા,
સદ્ગતિ આપશો ન્યાયસિંધુ.
ધન્ય તારી ગતિ ધન્ય તારી કૃતિ,
શુકસનકાદિકો કો ન પામ્યા;
ઋષિ મુનિ વેદ મંત્રે સ્તુતિઓ કરે,
નેતિ અંતે વદીને વિરામ્યા.

---

* પેટલાદ બોર્ડીંગ હાઉસમાં આ પ્રાર્થના દરરોજ સવારમાં થાય છે.

પ્રભુ કરો અનુગ્રહો અવગુણો નવ લહો,
ભકતનો કર ગ્રહો રે કૃપાલા;
ધર્મ ધારણુ કીધો નિજ પ્રજા પાળવા,
રાખું વિશ્વાસ હુ વિશ્વપાલા.

સૃષ્ટ વસ્તુ થકી ભિન્ન પ્રભુ છો તમો,
શુદ્ધ ચૈતન્ય રૂપે વિરાજો;
જ્ઞાન ઇચ્છા ક્રિયા સબલ શકિત થકી,
વિશ્વમાં પૂર્ણ પ્રભુતાથી ગાજો;
ભવપતિ પ્રભુ તને વિસ્તરી શું કહું,
કૃતિ નથી તું થકી કાંઇ છાની;
વિનય ભાવે તને વિનતિ હું જે કરૂં,
સર્વ લેશો તમે નાથ માની.

દ્વાર તારે પ્રભુ આવી વિનતિ કરૂં,
નવ કદિ ચરણથી વિમુખ કરશો;
પતિતપાવન પ્રભુ પ્રાર્થનાઓ સુણી,
વરદ શુભ હસ્ત મુજ શીર્ષ ધરશો;

યોગ્ય નથી તદપિ પ્રતિપાલન પ્રભુ કરો,
પ્રેમ રાખો સદા દાસ જાણી;
હે કૃપાનાથ ઉપકાર અતિ તાંહરો,
માની નિત્યે વદુ નમ્ર વાણી.
રાખું અભિલાષ અવિનાશ પદ પામવા,
યોગ્યતા આપવી હાથ તારે;
સર્વ અપરાધ કરશો ક્ષમા દાસના,
સત્ય વિશ્વાસ આધાર મારે,
નમોં નમોં નિત્ય પ્રભુ પ્રાર્થના હુ કરૂં,
ચિત્તમાં પ્રેમ લાવી સ્વીકારો;
સિદ્ધિ આપો સદા શુદ્ધ ઉદ્યોગમા,
વિઘ્ન આપત્તિ સર્વે નિવારો.
દાસના દોષ પર રોષ નવ લાવશો,
ભક્તની સર્વ છે લાજ તુંને;
કામના મન તણી પૂર્ણ કરીને સદા,
શરણુ રાખો મ્હારાજ મુને;

૯

નિત્ય સાષ્ટાંગ નમોં નાથ તમને કહું,
રાખી સંપૂર્ણ પ્રભુ પ્રેમભકિત;
ત્રિવિધ પુરુષાર્થ સંપૂર્ણ હું ભોગવી,
પામુ તારી પ્રભુ સમિપ મુકિત.

ભોળાનાથ સારાભાઈ.

૫

દીનનો દયાલ છોડી કોને શરણ જાઉં-ધ્રુવ.
માત તાત જાણી પ્રભુ, ચરણ પ્રતિ ધાઉં;
પામીને પ્રસાદ પૂર્ણ, કૃતિ કૃતાર્થ થાઉ-દીનનો

નીતિ ભક્તિરૂપ પુણ્ય તીર્થમાં હું નાહુ,
પરમ ઇષ્ટ બ્રહ્મની, હુ સ્તુતિ ગુણ ગાઉ-દીનનો
પ્રભુ કૃપા નિધાનની હુ પૂર્ણ કૃપા ચાહું;
સંકટ સમય નાથ પલ્લવ હું સાહું-દીનનો

નમોં નમોં પરાત્પરા હું ચરણ તારે આવું,
પ્રેમ પુણ્ય અંજલિ, પ્રભુ પદે વધાવું-દીનનો

ભોળાનાથ સારાભાઇ.

૬

પરમેશ્વર પૂર્ણ કૃપાત્ર તમે,
નમીએ મળી ભક્ત સમસ્ત અમે,
વિનતિ વિભુ સર્વ ચિતે ધરશો,
પરિતાપ કૃપાથી બધા હરશો.
અતિ અદ્ભુત સુદર સૃષ્ટિ દીસે,
સ્તુતિ પૂર્ણ તમારી કદી ન થશે;
કરુણા, ઉપકાર કરો સઘળે,
નહિ જીવ થકી કદી પાડ વળે.
જગદીશ તમે જગધારક છો,
સહુ પ્રાણી તણા ભયહારક છો,
જનમંડળને સુખકારક છો,
પ્રભુ તારક તારક તારક છો.
પ્રભુ હે પ્રભુ હે પ્રભુ હે પ્રભુ હે,
અપરાધ ક્ષમા કરશો પ્રભુ હે;
પ્રણમી પ્રણમી તમને કહીએ,
પરમાર્થનું સાધન દ્યો અમને.

૫૦૨૦

પ્રભુ દોષ કદાપિ ન લક્ષ ધરો,
કરુણામય દૃષ્ટિ કૃપાથી કરો,
નથી કોઇ, વિના પ્રભુ, બેલી ખરો,
મનના સહુ મંગલ અર્થ પૂરો.

ભવસાગર દુસ્તર નાથ ઘણો;
અમને શુભ આશ્રય આપ તણો;
તરીએ પ્રભુની કરુણા બલથી,
જીવતારક કોઇ, વિના તું નથી.

સહુ કિલ્બિષ ક્લેશ તમો હરશો,
પ્રભુભક્તિ સદા હૃદયે ભરશો;
તવ મંગલ હસ્ત શીરે ધરશો,
અભિષેક કૃપાજલથી કરશો.

જયદેવ દયાનિધિ વિશ્વપતિ,
કરુણા કરી દ્યો અમને સુમતિ;
ઉપકાર અમે પ્રભુના સ્મરીએ,
જનમંગલ કાર્ય સદા કરીએ.

પ્રભુ મંગલ મંગલ ભાવ ધરો,
ભય દુઃખ વિપત્તિ સમસ્ત હરો;
કરુણામય દૃષ્ટિ કૃપાથી કરો,
મનના પ્રભુ સર્વ મનોર્થ પૂરો
કુસુમાંજલિ પ્રેમની આ સમયે,
કરી અર્પણ નાથ પદે વિનયે,
કહીએ તમને અતિ શુદ્ધ મને,
શુભ પથ સદા સૂચવો અમને.
શુભકારી તમે પ્રભુ આશિષ દ્યો,
સ્તુતિ પ્રાર્થન માની કૃપા થકી લ્યો,
નિજ દાસ તણો પ્રભુ હાથ ગ્રહો,
પરમેશ સદૈવ પ્રસન્ન રહો.

ભોળાનાથ સારાભાઇ.

૭

પદ-ભૈરવી કે દેશી.

અરજ સુણો અવિનાશી,

અમારી અરજ સુણો અવિનાશી-ટેક.

આપ દયાળ અમે સૌ બાળક,

૧૩

એક અમારી આશ—અમારી.

વાંક કરે બાળક તો બહુએ,
થશો ન લેશ ઉદાશ—અમારી.
ભણતર ભણવા ભેળાં થઇએ,
કરશો નહિ જ નિરાશ—અમારી.
શુભ ગુણ લઇએ સહુએ સમજી,
ન રહે લેશ કચાશ—અમારી.
આપ શુભ મતિ સદ્‌ગુણ સાથે,
સહુમાં થાય સમાસ—અમારી.
નિર્મળ મનમાં નિશદિન રહીએ,
પસરે જેમ સુવાસ—અમારી.
મુખથી એવું માગી લહીએ,
અંતર થાય ઉજાસ—અમારી.
આપ તણો આધાર મળ્યાથી,
હૈયામાં છે હાશ—અમારી.
ન રહે લેશ કુધારો કદી પણ,
સુખનો થાય ન નાશ—અમારી.

" કેશવકૃતિ "

૮

* ઝીં[illegible]ી.

પ્રણતપાળ આપ એક શરણ છો અમારૂ,
ધરણીધર ધરતી પર અન્ય હુ ન ધારૂ -પ્ર૦

ધન જન તન ધામ ધરા નોબત નગારૂ,
પુત્ર મિત્ર કે કલત્ર સર્વ છે તમારૂ -પ્ર૦

આ ભવાબ્ધિમા અનાદિ ઇશ હુ ઉતારૂ,
કર્ણધાર આપ એક કેમ હુ વિસારૂ ?-પ્ર૦

સકટ સહુ દૂર જાય થાય સર્વ સારૂ;
ચપળાપતિ ચિત્તમા ન એ વિના વિચારૂ -પ્ર૦

જ્ઞાનરતનરૂપ કોહિનૂર હુ ન હારૂં;
કેશવ હરિ એક એજ છે અભીષ્ટ મારૂં-પ્ર૦

"કેશવકૃતિ"

૮

લાવણી.

નાથ ! શરણ હું પડયો હવે તમારે,
    અન્ય ઓથ નથી ઈશ કોઇ મારે;
બુદ્ધિ આપશો સદૈવ દેવ ! જેવી,
    ક્રિયા સર્વ હું કરી શકીશ તેવી;
ધર્મ કર્મની ન વાત લેશ જાણું,
    માન મૂર્ખતા વડે મમત્વ તાણું;
પાદ-પૂજનમાં પ્રીતિ મેં ન કીધી,
    કર્મ-દોષ વડે દુષ્ટ વાટ લીધી.
દયાસિંધુ છો ઉદાર ચિત્તવાળા,
    જાણતાં છતાં જપી ન નામમાળા;
વધુ શું કહું ! થયા કરે બળાપો,
    દીનબંધુ કૃપાસિંધુ કષ્ટ કાપો.
દુઃખ દૂર થાય એજ દષ્ટ માગું,
    પ્રેમથી પસારી હાથ પાય લાગું,
પાપ હૃદયના વિચારને વિસારી,
    હાથ કેશવ હરિ ધરજો પધારી

"કેશવકૃતિ"

૧૦

પદ ધન્યાશ્રી

તું મારો આધાર દયાનિધિ,
તું મારો આધાર—ટેક.
અશરણ શરણ નામ શુભ તારૂં,
તું કર મારી વા'ર-દયાનિધિ.
જ્યાં જોઉં ત્યાં અપાર લીલા,
અકળ ગતિ આકાર-દયાનિધિ
રૂપે રંગે કે જર લોભે,
જગત જનોનો પ્યાર-દયાનિધિ.
સકળ વિકળતા ટાળી દઈને,
વીખ વિષયથી વાર-દયાનિધિ.
બાનાની પત રાખ પતિ તું,
પ્રીતે પતિતોદ્ધાર-દયાનિધિ.
અભય અચળ પદ તારૂં સારૂં,
યાચું વારંવાર-દયાનિધિ.

૧૭

ન્યાયી છતે પણ ક્ષમા કરીને,
તારી પાર ઉતાર-દયાનિધિ.
તુજને ગમતાં કામ કરીને,
કા'ન લહું વિસ્તાર-દયાનિધિ.
'કહાનકાવ્ય'

૧૧

આપ છો અનાથ નાથ, દીન હું ભીખારી,
બારણે પુકારૂં પ્રભુ, પ્રાર્થના તમારી-આપ
વાયુ આ પ્રચંડ વાય, હૃદય નાવ ઝોક ખાય;
નાથ આપ થાવ સ્હાય, દયો મને ઉગારી-આપ
આપ માત, તાત, ભ્રાત, શૃણો એક દીન વાત,
રાખો બાળ એક તાન, સંકટો નિવારી-આપ
અંતરે તપે છે તાપ, પીડતાં પ્રભુજી પાપ,
ટાળશો સંતાપ આપ, પ્રાર્થના સ્વીકારી-આપ
પાય નાખી બેઉ હાથ, યાચું બાલ હું અનાથ,
મસ્તકે કૃપાળુ હાથ, મૂકો સુખકારી-આપ
નર્મદાશંકર બાલાશંકર.

૧૨

ભુજંગી છંદ.

અહો દેવના દેવ હે વિશ્વસ્વામી,
કરૂં હું સ્તુતિ આપની શીષ નામી;
દયાળુ પ્રભુ આપદાથી ઉગારો,
દીનાનાથ તું એક આધાર મારો. ૧
પ્રભુ માત ને તાત છો આપ મારા,
તમે છો સદા સર્વને પાળનારા.
કીધા છે કરોડો તમે ઉપકારો,
દીનાનાથ તું એક આધાર મારો. ૨
હું છું રાંકનો રાંક અજ્ઞાન પ્રાણી,
ન મારી કશી વાત તુથી અજાણી,
કરો હે દયાળુ ક્ષમા વાંક મારો,
દીનાનાથ તું એક આધાર મારો. ૩
અમે બાળકો બોલીએ હાથ જોડી,
અમારી મતિ હે પ્રભુ છેક થોડી.
દયા લાવીને પ્રાર્થના દીલ ધારો,

દીનાનાથ તું એક આધાર મારો. ૪

અમે ને કુટુંબી જનો જે અમારાં,
રહીએ શરીરે સુખી સર્વ સારાં.
સદા આપજો આપ સારા વિચારો,
દીનાનાથ તુ એક આધાર મારો ૫

નથી મે કરી આપની કાંઇ ભકિત,
નથી આપના ગુણ ગાવાની શક્તિ.
દયા લાવીને દાસ દુખો નિવારો,
દીનાનાથ તુ એક આધાર મારો ૬

વાચનમાળા.

૧૩

વસંતતિલકા. *

નિદ્રા મહી નહિ હતું તન ભાન જ્યારે,
જેણે જુઓ પુરણ રક્ષણ કીધું ત્યારે,

---

* સુરતની યુ. મ. પાટીદાર બોર્ડિંગ હાઉસની સવારની સ્તુતિ.

તેને પ્રભાત સમયે પ્રથમે સ્મરૂં રે,
કાર્યો બધાં દિવસનાં પછીથી કરૂં રે. ૧

જીવોનુ પાલન કરે પ્રીતથી સદાએ,
રે જીવ કાજ રચના જગની જણાએ,
તેજસ્વી સૂર્ય શશી નિત્ય પ્રકાશતા રે,
દે જીવને જીવન શક્તિ વધારતા રે. ૨

ટાળે તિમિર ગગને ભમીં દિન રાત,
આરામની નથી નહી પળ એક વાત,
થાકયો બધા દિવસના શ્રમથી જ પ્રાણી,
રાત્રિ ભલી સુખ દીએ ભર નીદ આણી. ૩

જો મેઘમંડળ કરે નિયમિત વૃષ્ટિ,
સંતોષને હરખ માંહી ફુલાઇ સૃષ્ટિ;
પૃથ્વી વનસ્પતિ વડે ધન ધાન્ય આપે,
પ્રાણી તણા કઠિન કષ્ટ અનેક કાપે. ૪

શું આ સૃજયાં પવન પાવક પાણી ઈશે,
પ્રાણી તણું જીવન એ ત્રણ નિત્ય દીશે;

જે ચાકરી મનુષની ત્રણને દીધી છે,
શું સુખ સાધન તણી રચના કીધી છે. ૫
આહા પ્રભુ મનુષને મન બુદ્ધિ આપી,
સત્તા વડી સહુ જીવો પર તેની સ્થાપી,
એવું રૂડું સદૈવ પાલન જે કરે છે,
તેને ભૂલી નહિ ભજે જન પાપી તે છે. ૬
માગું સુબુદ્ધિ પ્રભુજી નીતિ પથ વાળો,
ભૂલાવતા સરવ સશય મુજ ટાળો,
છે મુજ ધર્મ ગણી કામ બધા કરૂં રે,
સદ્દભક્તિથી પ્રભુ તણા ચરણે ઠરૂ રે. ૭

મધુવચરામ.

૧૪

અપરાધ ક્ષમા કરો મારો,
પ્રભુ, અપરાધ ક્ષમા કરો મારો
નિંદિત કર્મો જે મેં કીધાં (૨)
તે પ્રભુ સર્વે નિવારો.—પ્ર૦

શરણે રહી પ્રભુ ચરણે વંદું (૨)
ભવજલ પાર ઉતારો.-પ્ર૦
દાસ તણું રક્ષણ કરવાનો (૨)
છે પ્રભુ ધર્મ તમારો-પ્ર૦
કર જોડીને વિનતિ કરૂં હું (૨)
સંકટ સર્વ નિવારો-પ્ર૦

૧૫

સૌનુ કરો કલ્યાણ, દયાળુ પ્રભુ
સૌનું કરો કલ્યાણ- ટેક.
માણસ પશુ પખીની સાથે,
જતુ જીવ તમામ-દયાળુ પ્રભુ.
જગના વાસીઓ સૌ સુખ ભોગવે,
આનંદ આઠે જામ-દયાળુ પ્રભુ.
દુનીઆમાં દર્દ દુકાળ પડે નહિ,
લડે નહિ કોઈ ગામ-દયાળુ પ્રભુ.
સર્વ જગે સુખકારી વર્ષે ને,
વળી વધે ધન ધાન્ય-દયાળુ પ્રભુ.

કોઇ કોઇનું બૂરૂં ન ઇચ્છે,
સૌનું ઇચ્છે સૌ સમાન-દયાળુ પ્રભુ.
પોત પોતાના ધર્મ પ્રમાણે,
સર્વ ભજે ભગવાન-દયાળુ પ્રભુ

૧૬

તમે સર્વ સંસાર વિસ્તાર કીધો,
તમે સર્વને સુખનો સાધ દીધો;
તમે વિશ્વ વિશ્રામના ઠામ જેવા,
દયાળુ તમોને નમુ દેવ દેવા.
તમે પૃથ્વી સાથે સર્જ્યાં સર્વ પ્રાણી,
તમે વેદ વિદ્યા વિશેષે વખાણી;
તમે માણસોને દીધા મિષ્ટ મેવા,
દયાળુ તમોને નમું દેવ દેવા
તમારા ગુણો શેષ મહેશ ગાવે,
તમારા પુરા પાડનો પાર નાવે;
તમે છો ત્રિલોકી તણા તાત જેવા,
દયાળુ તમોને નમું દેવ દેવા.
ભજે શેષ ને શારદા ચંદ્ર ઇંદ્રિ,

ભજે આપને નિત્ય મોટા મુનીંદ્ર;
સદા શિવ જેવા સજે નિત્ય સેવા,
દયાળુ તમોને નમુ દેવ દેવા.

દલપતરામ.

૧૭

રાગ પ્રભાત.

હે પ્રભુ નામ તારૂં જપું પ્રીતથી,
 રીત રૂડી સદા એ રખાવો,
ધર્મને ધારી રહુ કરણી ઉત્તમ લહું,
 આપ આપો મને એજ લ્હાવો—હે

ટાળવા પર પીડા દીન સંભાળવા,
 ભાળવા ગ્રંથ જ્ઞાને ભરેલા,
સ્હાય થઇ શ્રીહરિ સાધનો આપજો,
 ઇચ્છુ અભિલાષ એવા સરેલા—હે.

મન અને વાણીથી કર્મથી પણ વળી,
 પ્રાણીનું હિત કરવાજ પ્રેરો,

નાથ કરશો તમે લવ કૃપા નેહથી,
સ્હેલથી સુધરે જન્મ ફેરો—હે

નિંદ્ય વિચાર ને નિંદ્ય આચારનો,
અંતરે ભાસ સ્વપ્ને ન આવો;
પુનિત એવી મતિ, પુનિત નીતિ વળી,
પ્રભુ સદા મુજ હૃદયે રખાવો—હે.

દ્રુપજી ઉરમિ જેવી મુજ અતરે,
વર્ણવી તેવી વિભુ તુજ આગે;
ઉચિત ધારો પ્રભુ તેટલું આપજો,
ભક્ત તો ભાવતુ સર્વ માગે—હે.

આપ કરુણા તણાં કિરણ લવ પામતાં,
દીનતા દાસની સ્હેજ જાશે,
લીન થઇ ભક્તિમાં ભાવ ધરી ભાવથી,
સેવકરામ સુત ગુણ ગાશે—હે.

છોટાલાલ સેવકરામ.

૧૮

" નાથ કૈસે ગજકો બંધ છુડાયો " એ રાગ

પ્રભુ મારા હૃદય મંદિરે પધારો,
સુનીતિ સુધૈર્ય વધારો. પ્રભુ. ટેક.

કરુણા કરો સુમતિ વર માગું,
નિંદ્ય બુદ્ધિને નિવારો;
ક્ષમા કરો અપરાધ વિસારો,
બાંહ્ય ગ્રહિ મને તારો. પ્રભુ.

ઉત્પત્તિ જીવની આપ કરો છો,
પાલન લાલન પ્રીતે;
તાડનની પણ શક્તિ તમારી,
શાસ્ત્ર વદે છે સુરીતે. પ્રભુ.

ષડ્રિપુ જગને જે ઠગનારા,
જીવને બંધનકારી,
રાખો પરા પ્રભુજી મુજ મનથી,
અંતર વિનતિ ઉતારી. પ્રભુ.

દેવ દાનવ તેમ માનવ કોઇ.
ગહન ગતિ નવ જાણે;
નિશ્ચે ભાગ સરવકો ભજવે,
પાત્ર નાટકનાં પ્રમાણે. પ્રભુ.
સંરક્ષણ ક્ષણ ક્ષણ તુ કરે છે.
ઉપકૃતિ ઉરમાં ન માયે,
મહિમા તારો અદ્દભુત મોટો,
ત્રિભુવનમાં તે ગવાયે. પ્રભુ.
સરજનહાર આધાર તમારો,
તારો પાર ઉતારો,
છોટાલાલના સ્વામી સુણજે,
આરતના ઉચ્ચારો પ્રભુ.
છોટાલાલ સેવકરામ

૧૯.

(દોહરો)

જેની શક્તિથી થયાં, ભૂમિ જળ ગિરિ આકાશ;
જશ જેના બહુ બહુ વળી, વંદું તે અવિનાશ.

ચંદ્ર સૂર્ય ગ્રહની ગતિ, રાત્ર દિવસ ઋતુ સાર;
ધાતુ ઝાડ જનાવરો, સૌનો તુંજ આધાર.
તજવીજો સંસારમા, કીધી શી ભગવંત;
ચતુરાઈ પરમાર્થમાં, ડહાપણમાં તુ અનત.
તુજ નીતિના રાજમાં, પાળ મને પરમેશ,
સદ્‌ગુણમાં હર ઘડી રમુ, એજ કરવું ઉદ્દેશ.
અપરાધી પાપી ઘણો, કરૂં હું નિર્લજ કામ;
તે સૌથી ઉગાર તું, કરગરી કહું સત નામ.

કવિ નર્મદાશંકર.

૨૦.

શાર્દૂલ વિક્રીડિત

દીનાનાથ દયાળ તુ જગતમાં,
દાતા દુખીઆ તણો,
પ્રાણી માત્ર રહી મહીતળ સહુ,
આભાર માને ઘણો,
ભાનુ ચંદ્ર વિરાજતા ગગનમાં,
તારા પ્રકાશે અતિ,

ગિરિ, સાગર, ઝાડ, પાન સઘળાં,
માનું હું તારી કૃતિ. ૧
વાડી ખેતરમાં ફુલો મગમગે,
રૂપે રળીઆમણાં,
ભૂમિ ઘાસ છવાયલી ખુશનુમા;
શોભા તણી ના મણા,
કોટી કોટી લઘુ જીવો પવનમાં,
ન્હાસે રમે સૌ મળી,
આકાશે બહુ શોભતાં ખગચરો,
ઉડે ફરે તે વળી. ૨
ઝાડી રાન મધે રહે વનચરો,
ખાયે ખુશીમાં વસે,
લીલા એ સહુ ઈશ્વરી નિરખતાં;
બુદ્ધિજ પાછી ખસે,
પાપી માનવી ક્લેશમાં રઝળતો;
દીસે ઉદાસી ખરે,
આશામાં રહી કાળ તે નિરગમે,

ભામા ભૃથા તે કરે. ૩

માના તો અદ્‌ભુત છે હરિ તણી;
થાએ નહિ માપરે,
પીડા કારણ શું હશે જગતમાં;
શોધ્યા તણુ પાપરે,
માટે વિનતિ હું કરૂ કરગરી,
પ્રીતે શુણી રાખજે,
પાપો ઘોર કીધાંજ મેં સરવદા,
બાળી સહુ નાખજે. ૪

નંદશંકર.

૨૧

કલ્યાણ

શ્રી જગતપતિ પ્રભુ આપ સન્મતિ;
સર્વ બાળકો કરે છે આજ વિનતિ
કુમતિ કાપીને, તુ આપ સન્મતિ,
જેથી આ જગે ન થય પાપ તો રતિ. શ્રી.

સર્વ જગતનો કર્ત્તા તું છે, અંતરજામી બાપ;
પૃથ્વી પાણી ઝાડ પર્વતો, અનાજ બીજ અમાપ. શ્રી.
સર્વ બાળકો અરજ કરે છે, કષ્ટ અમારાં કાપ;
વિદ્યાની વૃદ્ધિ કરવામાં, મદદ અમોને આપ. શ્રી.
બે કર જોડી પ્રણામ કરીએ, તુજને વારંવાર,
ઋદ્ધ અમારા વિઘ્ન હરીને, સુજશ આપ નિરધાર. શ્રી.

ગુજરાતશાળાપત્ર.

૨૨

ગઝલ.

જ્યાં જ્યાં નઝર મારી ઠરે યાદી ભરી ત્યાં આપની;
આસુ મહીએ આખથી યાદી ઝરે છે આપની!
જોઉં અહી ત્યા આવતી દરિયાવની મીઠી લહર,
તેની ઉપર ચાલી રહી નાજુક સવારી આપની!
તારા ઉપર તારા તણાં ઝુમી રહ્યાં જે ઝુમખાં,
તે યાદ આપે આંખને ગેબી કચેરી આપની!
આ ખુનને ચરખે અને રાતે હમારી ગોદમાં,
આ દમ બદમ બોલી રહી ઝીણી સિતારી આપની!

આકાશથી વર્ષાવતા છો ખંજરો દુસ્મન બધા;
યાદી બનીને ઢાલ ખેંચાઈ રહી છે આપની!
દેખી બુરાઈ ના ડરૂં હું, શી ફિકર છે પાપની?
ધોવા બુરાઇને બધે ગંગા વહે છે આપની!
જ્યાં જ્યા મિલાવે હાથ યારો ત્યા મિલાવી હાથને,
અહેશાનમા દિલ ઝુકતુ, રહેમત ખડી ત્યાં આપની!
પ્યારૂં તજીને પ્યાર કોઈ આદરે છેલ્લી સફરઃ
ધોવાઈ યાદી ત્યા રડાવે છે જૂદાઇ આપની!
જૂનુ નવુ જાણુ અને રોઉં હસું તો તે બધું,
જૂની નવી ના કાંઇ તાજી એક યાદી આપની!
ભૂલી જવાતી છો બધી લાખો કિતાબો સામટી.
જોયું ન જોયું છો બને જો એક યાદી આપની!
કિસ્મત કરાવે ભૂલ તે ભૂલો કરી નાખું બધી;
છે આખરે તો એકલી ને એક યાદી આપની!

કલાપી.

અઘરા શબ્દોના અર્થ.

અકળ-સમજી શકાય નહિ એવુ.

આખલ-સઘળુ, આખુ   અદ્ભુત-નવાઇ જેવુ.

અનાદિ-આરંભ વિનાનુ.

અભિલાષ-ઈચ્છા   અભીષ્ટ-ચાહેલું, વ્હાલુ,

અવિનાશ-નાશ વગરનું.

અશરણ શરણ-ગરીબનો બેલી.

અહરનિશ-રાત દિવસ   અંજલિ-ખોબો

અંતર્યામી-અંતરમા રહેનાર એટલે મનના વિચાર જાણનાર.

આદિ-પહેલુ, પ્રથમનુ.   ઈષ્ટ-ઇચ્છેલુ, વ્હાલુ.

ઉરમિ=ઉર્મિ=મનના તરંગ

એકાકી-એકલો.   કરણી-કામ

કર્ણધાર-સુકાન પકડનાર, સુકાની   કલત્ર-સ્ત્રી

કામના-ઇચ્છા   કિતાબો-ચોપડીઓ

કિરણલવ-કિરણનો અંશ.   કિલ્બિષ-પાપ

કુસુમાંજલિ-પુષ્પનો ખોબો

કૃતકૃતાર્થ-જેની સઘળી ઈચ્છાઓ પૂર્ણ થઇ છે એવો.

કૃપાનિધાન મહેરબાનીનો ભંડાર

ખગચરો-પક્ષી, ખગચર શબ્દો ખોટો છે. ખેચર અથવા ખગ શુદ્ધ શબ્દ છે.

ગિરિ-પર્વત. ગેબી-અદ્રશ્ય.

ગોપાલ-રક્ષણ કરનાર.

ચપલાપતિ-લક્ષ્મીપતિ, ભગવાન્

ચૈતન્ય-પરમાત્મા. જર-પૈસો.

જામ-પહોર. તાડન-મારવુ

તારક-તારનાર તિમિર-અંધકાર

ત્રિલોકી-ત્રણ લોકનો.

ત્રિવિધ પુરુષાર્થ-ત્રણ જાતના પુરુષાર્થ

દમબદમ-શ્વાસોચ્છ્વાસ દયાનિધિ-દયાનો સાગર

દયાલ-દયાળુ દરિયાવ-દરિયો

દાતા-આપનાર. દ્વાર-બારણુ

દીનશરણા-ગરીબનુ આશ્રયસ્થાન

દીનવત્સલ-ગરીબ પર માયા રાખનાર

દુસ્તર-તરવો કઠણ ધર્મ-ફરજ

ધરણીધર-પૃથ્વીને ધારણ કરનાર, પરમેશ્વર

ધારી-ધારણ કરી નિવારે-મટાડે

નેતિ-પરમાત્માનુ સ્વરૂપ એવુ અગમ્ય છે કે તે આવું છે એમ કહી શકાતું નથી તે માટે આવુ નથી એમ કહેવું પડે છે. જેમકે તે દૂર નથી, નાનો નથી, મોટો નથી ઇત્યાદિ.

પતિતપાવન-પાપીને પવિત્ર કરનાર.

પતિતોદ્ધાર-પાપીનો ઉદ્ધાર કરનાર.

પર-ભિન્ન, જુદો   પરમ-શ્રેષ્ઠ.

પરમાર્થ-માણસનુ ઉંચામા ઉંચુ લક્ષ્ય.

પરાત્પરા-સર્વશ્રેષ્ઠ, પરમેશ્વર.   પરા-દૂર

પરિતાપ-દુઃખ, શોક.

પલ્લવ=પાલવ, વસ્ત્રનો છેડો.

પાવક-અગ્નિ.   પુનિત-પવિત્ર.

પુરાણ-જુનો.   પ્રણમી-નમીને

પ્રણતપાલ-શરણે આવેલાનુ પાલન કરનાર.

પ્રણિપત-નમસ્કાર   પ્રભા-તેજ

પ્રભુતા-મોટાઇ.   પ્રસાદ-મહેરબાની.

પ્રાર્થના-સ્તુતિ.   પ્રેરી-વિચાર સ્ફુરાવીને.

ભવાબ્ધિ-ભવસાગર   ભાનુ-સૂર્ય.

ભામા-ફાફા.   મનોર્થ=મનોરથ=મનના હેતુ.

મહીતલ-પૃથ્વીનુ તળ   મહેશ-પરમેશ્વર.

મુનીંદ્ર-મુનિઓમા શ્રેષ્ઠ   મેઘમ ડળ-વાદળા.

યાચુ-માગુ.   રોષ-ક્રોધ.

લાલન-લાડ લડાવવા તે

લીલા-ઇશ્વરના- ખેલ એટલે જગતમા દેખાતી નાની
મોટી વસ્તુઆ

વનચરો-પ્રાણી. વરદ-વરદાન આપનાર
વિકળતા -ગભરાટ વિપત્તિ-દુખ.
વિભવ-ઐશ્વર્ય વિભુરાયા-સર્વવ્યાપી રાજા
વિમલમુખ-પવિત્ર વિશ્વપાલા-જગત્ પાલક
શશી-ચદ્ર. શાતા-શાન્તિ આપનાર
શિવસદન-કલ્યાણનુ ઠેકાણુ.
શુચિ-પવિત્રતા. શેષ-શેષ નાગ
ષડ્રિપુ-કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, અને મત્સર
સખા-મિત્ર સચ્ચિદ્ઘના-ઈશ્વરનુ એક નામ
સદિવ હમેશા સાધ-સાધન
સાષ્ટાગ-આઠે અગ સાથે. સિદ્ધિ-ફતેહ
સૃજનપ્રલય-ઉત્પત્તિ અને લય.
હિતકરણા-હિત કરનાર હીણો-વિનાનો.
હૃદયનાવ હૃદયરૂપી વહાણ.

सर्वत्र सुखिनो सन्तु सर्वे सन्तु निरामया:।
सर्वे भद्राणि पस्यन्तु मा कश्चिद्दुखभाग् भवेत्॥

સઘળે ઠેકાણે સઘળા સુખી થાઓ,
સઘળા કુશળ રહો સઘળા કલ્યાણ મેળવો,
અને કોઈ પણ દુખી ન રહો.

ॐ सहनाववतु सहनौ भुनक्तु
सह वीर्यं करवावहै
तेजस्विनावधीतमस्तु
मा विद्विषावहै ।
ॐ शांतिः शांतिः शांतिः ॥

પરમેશ્વર આપણુ વિદ્યાના પ્રકાશનવડે રક્ષણ કરો, તે વિદ્યાના ફળના પ્રકાશ વડે આપણુ રક્ષણ કરો આપણને વિદ્યા પ્રાપ્ત કરવા સમર્થ કરો આપણે મેળવેલુ જ્ઞાન સામર્થ્યવાન થાઓ, અને આપણે પરસ્પર દ્વેષ ન કરીએ   કઠોપનિષદ

શા ખુ અ ના જૈન પ્રિન્ટીંગ પ્રેસમા મટુભાઈ ભાઈદાસે છાપ્યુ, ખપાટીયા ચકલા સુરત.